ડીગ્રી લેવલ ઇજનેરી/ફાર્મસી કોલેજના અધ્યાપકો અને અન્ય શૈક્ષણિક સ્ટાફ માટે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (C A S) લાગુ પાડવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એસસીટી-૧૦૨૦૧૩-૮૩૧૦૧૫-ઘ
સચિવાલય ગાંધીનગર.
તા:- 26

વંચાણે લીધા:-

(૧) ઓલ ઇન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશનની તા.૫/૩/૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક: F-No-37-3/Legal/2010

(૨) શિક્ષણ વિભાગ નો ઠરાવક્રમાંક:ટીઇએમ-૧૨-૨૦૧૦-૨૫૭૭૭-ઘ તા.૧૦/૮/૨૦૧૦

(૩) ઓલ ઇન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન ની તા.૮/૧૧/૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક:F No.-37-3/Legal/AICTE/2012

(૪) કમીશનરશ્રી (ટેકનિકલ શિક્ષણ)નો તા.૧૯/૧૧/૨૦૧૩નો પત્રક્રમાંક: સીટીઇ/ એઆઇસીટીઇ/ CAS-Degree/૨૦૧૩/ઘ-૩-એ/૨૬૩૫૨

આમુખ:-

ઓલ ઇન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા ડીગ્રી લેવલની ટેકનિકલ સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફ માટે સંદર્ભ (૧)ની અધિસૂચનાથી છઠ્ઠા પગારપંચ અન્વયેના સુધારેલ પગાર ધોરણોની ભલામણ કરવામાં આવી હતી. આ પગારધોરણો રાજય સરકારના સંદર્ભ (૨) ના ઠરાવની રાજયની ઇજનેરી/ફાર્મસી કોલેજોના શક્ષણિક સ્ટાફને લાગુ પાડવામાં આવેલ હતા.ત્યાર બાદ સંદર્ભ (૩)ની અધિસૂચનાથી એ.આઇ.સી.ટી.ઇ.દ્વારા ટેકનિકલ સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફ માટે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ રેગ્યુલેશન્સ,૨૦૧૨ ની ભલામણ કરવામાં આવી હતી.તે અન્વયે કમીશનરશ્રી (ટે.શિ.) ના સંદર્ભ (૪) માં દર્શાવેલ પત્રથી આ રેગ્યુલેશન રાજયની ડીગ્રી લેવલની ટેકનિકલ સંસ્થાઓમાં લાગુ પાડવા અંગેની દરખાસ્ત કરવામાં આવતા આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

એ.આઇ.સી.ટી.ઇ.ની તા.૮/૧૧/૨૦૧૨ની અધિસૂચનાથી પ્રસિધ્ધ થયેલ ડીગ્રી લેવલની ટેકનિકલ સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફ માટેની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ રેગ્યુલેશન્સ ૨૦૧૨ ની જોગવાઇઓ મુજબ એકેડેમિક પરફોર્મન્સ ઇન્ડીકેટર આધારિત

પરફોર્મન્સ બેઇઝડ એપ્રેઇઝલ સીસ્ટમ રાજય સરકારની ટેકનિકલ સંસ્થાઓ કે જેમાં સંદર્ભ (૨) ના ઠરાવનું અમલીકરણ થયેલ છે તે સંસ્થાઓમાં અમલ કરવાનું આથી નીચેની વિગતે ઠરાવવામાં આવે છે.

(૧) કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ અંતર્ગત એ.જી.પી.મંજુર કરવા નીચે મુજબ કમિટીઓ નિયત કરવામાં આવે છે:

| | કમિટી | કમિટીના સભ્યો | | |
|---|---|---|---|---|
| (એ) | સ્ક્રીનીંગ કમિટી | ૧ | સંસ્થાના વડા/ આચાર્ય | ચેરમેન |
| | | ૨ | સંબંધિત વિધાશાખાના ખાતાના વડા | સભ્ય સચિવ |
| | | ૩ | બે વિષય નિષ્ણાંત (કમિશ્નરશ્રી(ટે.શિ.) દ્વારા નિયુકત વિષય નિષ્ણાંતની પેનલ પૈકી ) | સભ્ય |
| (બી) | સીલેકશન કમિટી | ૧ | કમિશ્નરશ્રી(ટે.શિ.) | ચેરમેન |
| | | ૨ | ના.સ.શ્રી/ સં.સ.શ્રી (ટે.શિ) શિક્ષણ વિભાગ | સભ્ય |
| | | ૩ | બે વિષય નિષ્ણાંત (કમિશ્નરશ્રી(ટે.શિ.) દ્વારા નિયુકત વિષય નિષ્ણાંતની પેનલ પૈકી) | સભ્ય |
| | | ૪ | સંયુકત નિયામકશ્રી- ટેકનિકલ શિક્ષણ | સભ્ય સચિવ |

AICTEના તા.૮-૧૧-૧૨ના નોટીફીકેશનથી નિયત થયા મુજબ સ્ક્રીનીંગ કમિટી એજીપી રૂ.૭૦૦૦/- સુધી અને સીલેકશન કમિટી ત્યાર પછીની એજીપી મુવમેન્ટ મંજુર કરવાની કાર્યવાહી કરશે જેમા અધ્યાપકોના વાર્ષિક ખાનગી અહેવાલો (એ.સી.આર./પર્ફોર્મન્સ અપ્રેઇઝલ રીપોર્ટ) પણ ધ્યાને લેવાના રહેશે. ઉપરોક્ત કમિટીઓ વર્ષમાં બે વાર મળશે.

(૨) તા.૦૫/૦૩/૨૦૧૦ થી નવી PABS આધારીત CAS અમલમાં આવતી હોવાથી તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૦૪/૦૩/૨૦૧૦ સુધી અગાઉની પાંચમા પગાર પંચ મુજબ SS/SG આપવાના રહેશે. તા.૦૧/૦૧/૨૦૦૬ થી ૦૪/૦૩/૨૦૧૦ સુધી SS/SG આપ્યાબાદ આવા અધ્યાપકોને છઠ્ઠા પગારપંચ અન્વયેના AICTE ની ભલામણો અનુસારના શિક્ષણ વિભાગના તા.૧૦/૦૮/૨૦૧૦ ના ઠરાવ મુજબ પગાર નિયત કરવાનો રહેશે. તા.૦૧/૦૧/૨૦૦૬ થી ૦૪/૦૩/૨૦૧૦ સુધીના સમયગાળા માટે PBAS આધારીત પધ્ધતિ લાગુ પાડવાની રહેતી નથી.

(૩) AICTE દ્વારા બહાર પાડવામાં આવેલ તા.૦૫/૦૩/૨૦૧૦ ના નોટીફીકેશનની તારીખ અગાઉ સેવામાં હોય/નિવૃત્ત થયેલ હોય/બઢતી પામેલ હોય અને તેઓ રાજ્ય સરકારના જે તે સમયના પ્રવર્તમાન ભરતી નિયમોની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા હોય તેઓને તા.૧/૧/૨૦૦૬થી તા.૪/૩/૨૦૧૦ સુધીના સમયગાળા દરમિયાન જે તે

નિયમાનુસાર ઉક્ત ફકરા(૨) મુજબ SS/SG મળવાપાત્ર રહેશે. તેઓના કિસ્સામાં AICTE ના તા.૫-૩-૧૦ના નોટીફીકેશન મુજબની શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવાની રહેશે નહિ.

(૪) કમિશ્નરશ્રીની કચેરી દ્વારા જે અધ્યાપકો ફક્ત વહીવટી કાર્ય કે અંશતઃ વહીવટી કાર્ય જોડાયેલ છે તેમના માટે એ.પી.આઈ. સ્કોરીંગ અને વાર્ષિક સેલ્ફ એસેસમેન્ટ ફોર્મ અલગથી બનાવવામાં આવશે.

(૫) આ કામગીરી ના અમલ માટે દરેક સંસ્થા તેમજ COTE લેવલે ઇન્ટર્નલ કવોલીટી એસ્યોરન્સ સેલ ઉભુ કરવાનુ રહેશે

આ ઠરાવ સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૯/૯/૨૦૧૪ની નોધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

(એમ.આર.કોઠારી)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

* નામ.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન ગાંધીનગર
* અગ્રસચિવશ્રી,માન.મુખ્યમંત્રીશ્રી નુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ,સચિવાલય ગાંધીનગર
* માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
* માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.અને.ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
* અગ્રસચિવશ્રી (શિ.)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગર
* કમીશ્નરશ્રી (ટે.શિ.) બ્લોક નં.૨/૨જો માળ ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
* એકાઉન્ટ જનરલ-૧ (ઓડિટ),ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ
* એકાઉન્ટ જનરલ-૨ (પે એન્ડ ઇ) ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ
* પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
* નિરક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હીસાબ , ગાંધીનગર
* અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય
* નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય ગાંધીનગર
* રજીસ્ટ્રારશ્રી,સર્વે,યુનિવર્સિટીઓ (કમી.શ્રી ટે.શિ.) મારફત
* સર્વે આચાર્યશ્રી, સરકારી અને ગ્રાન્ટઇન એઇડ કોલેજો (કમી.શ્રી ટે.શિ.) મારફત
* સેકશન અધિકારીશ્રી, સ-શાખા, શિક્ષણ વિભાગ
* સિલેકટ ફાઇલ
* કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ